(આ સર્ગને કર્તાએ નામ આપ્યું નથી)

વનહૃદયમાં આવેલા એ નાનકડા આશ્રમમાં, મુનિવરોની શાંતિના વાતાવરણમાં એનો એ જ સાદો રાતદિવસનો જીવનક્રમ ચાલ્યા કરતો હતો. પૃથ્વીનું પ્રાચીન સૌન્દર્ય સ્મિત સાર્યા કરતું હતું, અને સાવિત્રી પણ સર્વને માટે એવી ને એવી જ માયામમતાની મનોહરતા રાખતી હતી. પુરાતન માતાએ પોતાના બાળકને છાતી સરસું ચાંપી રાખ્યું હતું અને જાણે મરણ કે પરિવર્તન છે જ નહિ તેમ એના જીવંત આત્માને અને દેહને પોતાના આશ્લેષમાં લીધા હતા.

સાવિત્રીના અંતરમાં અભૂતપૂર્વ પરિવર્તન થઈ ગયું હતું, પણ બહારની નજરથી જોનાર લોકોને એ દેખાતું ન 'તું. જ્યાં એકમાત્ર પ્રભુની અનંતતા જ હતી ત્યાં તેઓ માનવ વ્યકિતને જ જોતા. સૌને માટે તો એ એની એ જ સાવિત્રી હતી, એની એ જ માહાત્મ્યપૂર્ણ, માધુર્યપૂર્ણ, પ્રકાશ પાથરતી સાવિત્રી.

પણ સાવિત્રી અંદરખાને હતી એક રિક્ત ચેતનસત્તા. એના શબ્દ પાછળ ને એની ક્રિયા પાછળ સંકલ્પ ન 'તો, એની વાણીને દોરવા માટે વિચાર મસ્તિષ્કમાં આકાર ધારતો ન 'તો. વ્યકિતભાવવિહીના એ બોલતીચાલતી. ગૂઢ રહેલું કોઈ એના દેહની સંભાળ લઈ એને ભાવિના કાર્ય માટે સંરક્ષતું હતું.

સર્વનું પ્રભવસ્થાન એવું એક અદ્‌ભુત શૂન્ય એણે હૃદયમાં ધાર્યું હતું. એ એની વાણીને વાપરતું, એનાં કર્મોમાં કર્મ કરતું, એનાં અંગોનું સૌન્દર્ય હતું, એનો પ્રાણોચ્છ્‌વાસ હતું. એની મર્ત્ય અહંતા પ્રભુની રાત્રિમાં પ્રલીન થઈ ગઈ હતી. એ અહંતાના કોશેટા જેવી સાવિત્રીની કાયા તો હતી, પણ તેય જાણે અસત્ સત્તાના સાગરમાં તરી રહી હતી. પવિત્ર પરમાત્મા પિતા ને પુત્ર વગરનો બની ગયો હતો. નિર્વિકાર, નીરવ, એકાકી અને અગમ્ય બની ગયેલું એનું સત્ત્વ આદિ મૂળની સ્થિતિને પ્રાપ્ત થઈ ગયું હતું.

આવું હોવા છતાંય એ ઊંડી અભાવાવસ્થામાં સર્વ કંઈ લોપ પામી ગયું ન 'તું. સાવિત્રીનો આત્મા સાવ શૂન્યની પ્રતિ ગતિ કરી રહ્યો ન 'તો. કોઈ એક સર્વાતિશાયી રહસ્યમયતા એનામાં હતી, અને જ્યારે એ સત્યવાનની સાથે એકલી બેસતી ત્યારે તે એક અવગુંઠિત અવાક સત્યના મુખ પ્રત્યે વળતી. આ સત્ય યા તો હૃદયનાં મૂક એકાંતોમાં છુપાઈ રહેતું, યા તો વિચારની પહોંચ પારનાં શિખરો પર રાહ

જોતું ને અદૃષ્ટ રહી મથતા જગતનું નિરીક્ષણ કરતું. આપણી ખોજને એ ત્યાં રહીને પ્રેરતું, પરંતુ પોતે શોધાય તેની દરકાર કરતું નહિ. દૂરના એ વિરાટમાંથી ઉત્તર આવતા.

કોઈ એક અજ્ઞાત, અપ્રાપ્ય ને અકલ પોતાના અશરીરી પ્રકાશના સંદેશા નીચે મોકલતું હતું, આપણે જે નથી એવા વિચારની વિદ્યુતો વિલસાવતું હતું. સાવિત્રીના નિશ્ચલ માનસને ઓળંગી એ અર્ચિષોને આકાર આપતી વાણીને પકડી એક શબ્દમાં પ્રજ્ઞાનના હૃદયને ધબકતું બનાવતું, મર્ત્ય ઓઠથી અમર્ત્ય વસ્તુઓને ઉચ્ચારતું હતું. ઋષિમુનિઓ સાથે પ્રશ્નોત્તરી ચાલતી ત્યારે સાવિત્રી મનુષ્યો માટે અશક્ય એવાં સત્યોના આવિષ્કારો કરતી. કોઈ દૂર સુદૂરના ગુહ્યે એના કલેવરનો કબજો લીધો હતો ને એને એ પોતાના રહસ્યમય ઉપયોગ માટે વાપરતું હતું . આને લીધે એના મુખ દ્વારા અવર્ણ્ય સત્યો અને અચિંત્ય જ્ઞાન પ્રકટ થતાં ને શ્રોતાઓ આશ્ચર્યચકિત થઈ જતા. મુનિઓને લાગતું કે પોતે જેની માત્ર દૂરથી જ ઝાંખી કરી હતી તે સર્વનું સાવિત્રીને જ્ઞાન થઈ ગયું છે. પણ સાવિત્રીના વિચારો એના મગજમાં રચાતા ન 'તા; એનું ખાલી થઈ ગયેલું હૃદય તાર વગરની વીણા જેવું બની ગયું હતું. એનું શરીર ધીર ને નિરાવેગ બની ગયું હતું અને એનો પોતાનો પોકાર એનો રહ્યો નહોતો; એ હવે અલૌકિક જ્યોતિર્મય મહિમાને પોતાની અંદર થઈને પસાર થવા દેતું. આત્માના નિગૂઢ બન્ને ધ્રુવોએ રહેલી શકિતનું અનામી અને અદૃશ્ય એક દ્વન્દ્વ હજુય કાર્ય કરતું હતું. સાવિત્રીની દૈવી રિકતતા એમનું કાર્યસાધન હતું. એમાંની એક શકિત હતી નિમ્નના અચિતની ને એ શરીરને વાપરતી; બીજી હતી પારની ચિત્-શકિત, ને તે માનવ વિચારોને સ્પર્શવા માટે પોતાનો શબ્દ પાઠવતી, પરંતુ હજુ સુધી આ અપૌરુષેય વાણી વિરલા હતી.

પણ હવે સાવિત્રીના શાંત અને સૂના મનોવિસ્તારમાં બાહ્ય સ્વરનો સ્વાંગ ધરીને એક વિચાર આવ્યો. એને સાક્ષી મનની જરૂર નહોતી, ઝીલતા નીરવ હૃદયની સાથે એણે સંભાષણ ન કર્યું; સીધેસીધો એ એના અવકાશીય કેન્દ્રમાં પ્રવેશ્યો. દેહની દીવાલો ને ઇન્દ્રિયોનાં દ્વારોમાં હવે જે પુરાઈ રહેલો નથી એવા સાવિત્રીના આત્માએ વિશ્વની સરહદો વટાવી દીધી હતી ને એ અનંતતામાં વ્યાપ્તિ વધાર્યે જતો હતો. આ આત્મા પોતે જ પોતાનું જગત બની ગયો હતો. એને ન 'તું રૂપ કે ન 'તું લક્ષણ, ન 'તી પરિરેખા કે ન 'તી ઘટનાવલિ, ન 'તું તલ, ન' તી ભીંત કે ન 'તું વિચારનું છાપરું. છતાં એ એક નિશ્ચલ અને નિઃસીમ મૌનમયી શાંતિમાં રહીને જ સમસ્તને જોતો. એની અંદરનું સર્વ કાંઈ નિસ્પંદ ને સમવસ્થિત અનંતતા બની ગયું હતું. સાવિત્રીમાં હવે અદૃષ્ટ અને અજ્ઞાત પોતાની ઘડીની રાહ જોઈ રહ્યો હતો.

સાવિત્રી સુષુપ્ત સત્યવાનની પાસે બેઠી હતી. અઘોર રાત્રિમાં એ અંતરમાં

જાગ્રત હતી. અજ્ઞેયની અસીમતા એની આસપાસ વિસ્તરી હતી. એક અવાજે ત્યાં એના અંતરમાંથી બોલવાનું આરંભ્યું. એ અવાજ એનો પોતાનો હતો નહિ, છતાં એણે એના વિચારને ને ઇન્દ્રિયોને આધીન બનાવી દીધાં. એના બોલવ. સાથે સાવિત્રીની અંદરનું તેમ જ બહારનું બધું બદલાઈ ગયું. સર્વ કંઈ હતું, સજીવ હતું, એકરૂપ હતું. અસત્ સંસાર શમી ગયો. બ્રહ્મ, એક આત્મા સૃષ્ટ વસ્તુઓને વિલોકતો હતો. પોતાની અંદરથી એ અસંખ્યાત સ્વરૂપોને પ્રક્ષિપ્ત કરતો. પોતે જે જોતો ને સર્જતો તેની સાથે એ તદ્રૂપ હતો. નકારને જેમાં સ્થાન નથી એવું એ સત્ય હતું. અસત્‌નું ભાન લુપ્ત થઈ ગયું હતું. બધું જ હતું સચૈતન્ય, ને અનંતનું જ બનેલું. સર્વમાં હતું શાશ્વતતાનું તત્ત્વ. એ હતું સાવિત્રીનો આત્મા, અખિલનો આત્મા; અસ્તિમાત્રની એ સત્યતા, સર્વે સજીવનોની ચેતના હતું; એ સંવેદતું અને જોતું : એ હતું અકાલ તેમ જ કાલ, અરૂપ-સરૂપનો આનંદ; એ હતું પ્રેમ ને પ્રેમીનો આશ્લેષ; એક સર્વદર્શી મનમાં એ હતું દૃષ્ટિ ને વિચાર; પ્રભુનાં શિખરો પર એ હતું અસ્તિત્વનો આમોદ.

સાવિત્રીએ કાળમાંથી અકાળમાં પ્રવેશ કર્યો હતો. દિક્-ચક્ર ભેદીને એ અનંત બની ગઈ હતી. ઊંચે આરોહતો એનો આત્મા અગમ્ય ઉત્તુંગોએ પહોંચ્યો; અગાધ ઊંડાણોમાં એણે ડૂબકી મારી, પણ ત્યાંય એને મૌન રહસ્યમયતાનો અંત મળ્યો નહિ. સાવિત્રી શૃંગોની પારનું શૃંગ અને ઊંડાણોની પારનું ઊંડાણ બની ગઈ. સનાતનમાં એણે નિવાસ કર્યો, મૃત્યુને આશ્રય આપનાર અને કાળચક્રને ધારણ કરનાર જે સર્વમય છે તે એ પોતે બની ગઈ.

આત્માની અનંતતામાં સર્વે વિરોધો પણ સત્યરૂપ હતા. પરાત્પરની આશ્ચર્યમયતાના હૃદયમાં વિશ્વાત્મા સાથે એકાકાર બનેલો એક સર્વને સર્જતો અને સર્વનો ઈશ્વર હતો. મન એની સ્વરૂપ ઉપરની ને પોતે જે સર્વ બન્યો છે તેની ઉપરની અસંખ્યગુણ દૃષ્ટિરૂપ હતું; વિરાટ રંગમંચ ઉપર જીવન એનું નાટક હતું; વિશ્વ એનું શરીર ને પ્રભુ એનો આત્મા હતો.

સાવિત્રીના આત્માએ જગતને જીવંત પ્રભુરૂપ જોયું. એણે એકસ્વરૂપને જોયો ને જોયું કે જે કંઈ છે તે સર્વ એ જ છે. કેવલબ્રહ્મના આત્માવકાશ રૂપે એણે પ્રભુને પિછાન્યો. એના આત્માની સાથે એ એક હતો, જગતની સર્વે વસ્તુઓની ભૂમિકારૂપ હતો. અનંત કાળની યાત્રામાં સાવિત્રીએ એનું અનુસરણ કર્યું. પ્રકૃતિમાં થઈ રહેલું સર્વ પોતાની અંદર જ થતું હતું. વિશ્વના હૃદયની ધબકો એના પોતાના હૃદયની હતી. સર્વે સત્ત્વો એની પોતાની અંદર જ વિચારતાં, સંવેદતાં અને ચેષ્ટાઓ કરતાં. વિરાટ વિશ્વમાં એ પોતે જ વસેલી હતી, વિશ્વનાં અંતરો એના પોતાના સ્વભાવની સીમાઓ હતી, વિશ્વની અંતરંગતાઓ એના પોતાના જીવનની અંતરંગતાઓ હતી, વિશ્વનું મન એના પોતાના મનનું પરિચિત હતું, વિશ્વનું શરીર એના પોતાના શરીરનું વિશાળતર માળખું હતું. પોતે એક

વ્યક્તિ હોવા છતાં સર્વમયી હતી. વિશ્વ એના આત્માનો ઘેરાવો હતું, અન્યોના વિચારો એના અંતરંગી હતા, અન્યોની લાગણીઓ એના વૈશ્વ હૃદયની નિકટની હતી, એમનાં શરીરો એના પોતાના શરીરનાં સગોત્ર હતાં. અનંતતા એનું સ્વાભાવિક સદન હતું. અમુક એક સ્થાને એ રહેલી નહોતી, એનો આત્મા સર્વતોગામી હતો, દૂરનાં તારામંડળો એની આસપાસ પરકમ્મા કરતાં હતાં.

પૃથ્વીએ એને જન્મતી જોઈ. બધાંય ભુવનો એનાં સંસ્થાનો હતાં. પ્રાણનાં ને મનનાં બૃહત્તર જગતો એનાં પોતાનાં જ હતાં. સર્વે આત્માઓનો એ એકાત્મા હતી. એ એમનામાં હતી ને એનામાં એ હતા. વૃક્ષોમાં ને પુષ્પોમાં એ અવચેતન જીવન હતી, વસંતની મધુમંજરી રૂપે એ ફૂટી ઊઠતી, ગુલાબની ભાવાવેશી ભભકમાં પોતે જ પ્રદીપિત થતી. અનુરાગના ફૂલનું એ પોતે હતી રાતું હૃદય, સરોવરનાં સરોજોમાં એ શુભ્ર સ્વપ્ન હતી; અવચેતનમાંથી એ મનોમયે ગઈ હતી, માનવ હૃદયમાં ગુપ્ત નિવાસ કરતી એ દેવતા હતી, પ્રભુ પ્રત્યે આરોહતો એ માનવ જીવ હતી. એનામાં વિશ્વ પુષ્પિત થતું હતું, પોતે હતી એની ક્યારી. પોતે કાળ હતી અને કાળમાંનાં પ્રભુનાં સ્વપ્ન પણ પોતે જ હતી. પોતે હતી આકાશી અવકાશ અને પ્રભુના દિવસોની વિશાળતા.

આ અવસ્થામાંથી એ આરોહી અને જ્યાં દિક્‌કાળનું અસ્તિત્વ નથી ત્યાં ગઈ. પરાત્પર ચેતના એનું નૈસર્ગિક વાતાવરણ બની ગઈ. અનંતતા એની ગતિનું સ્વાભાવિક સ્થાન હતી. સાવિત્રીની અંદરથી શાશ્વતતાએ કાળ ઉપર દૃષ્ટિપાત કર્યો.

સાતમું પર્વ સમાપ્ત